## || ૐ શ્રી સાઈરામ ||
## || ૐ  શ્રી સાઈ આર્તિહરાય નમ: (૧૦૫) ||
## બધા શારીરિક તેમજ માનસિક દુ:ખોનો નાશ કરવાવાળા
## શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

પ્રારબ્ધ (નસીબ) અનુસાર જ્યારે ભક્તોને શારીરિક તેમજ માનસિક દુ:ખોનો સામનો કરવો પડે છે ત્યારે ભગવાન તેમના દુ:ખોનો નાશ કરીને તેમને સુખ તરફ લઈ જાય છે.

ભગવાન બાબા પોતાના ભક્તોને કોઈ પ્રકારનું શારીરિક તેમજ માનસિક દુ:ખ સહન ન કરવું પડે તેના માટે સતત સેવકની ભૂમિકા ભજવતા હોય છે.

રાયલ સીમાના ભાગમાં અનેક લોકોને પીવાનું પાણી મેળવવા માટે ઘણું દૂર જવું પડતું તેથી તેમને ઘણું શારીરિક કષ્ટ (ત્રાસ) તેમજ દુ:ખ ભોગવવું પડતું. તેમનું આ દુ:ખ દૂર કરવા માટે સ્વામીએ 'સત્યસાઈ પેયજલ યોજના' નું નિર્માણ કર્યું. આ તો કેવળ પહેલું પગલું હતું. ચેન્નઈમાં લાખો લોકોને પાણી ન મળવાથી જે શારીરિક તેમજ માનસિક દુ:ખ ભોગવવું પડતું હતું તેને દૂર કરવા માટે સ્વામીએ અતિશય ભવ્ય એવી પાણીની યોજના શરૂ કરી અને તેમને સુખ પ્રદાન કર્યું. આવી અનેક યોજના હવે શરૂ થતા લાખો લોકો આ સાઈમાતાને ધન્યવાદ આપે છે.

આપણા દેશની અનેક માતાઓને જે શારીરિક અને માનસિક દુ:ખ સહન કરવું પડે છે, તેમાંથી તેમનો છુટકારો કરવા માટે આ જગત્ માતાએ ૧૯ નવેમ્બર ૨૦૦૪ ના રોજ 'ઈશ્વરમ્મા મહિલા કલ્યાણ પ્રકલ્પ (યોજના)' શરૂ કર્યો. જેનું રૂપાંતર બીજે વર્ષે 'ઈશ્વરમ્મા મહિલા કલ્યાણ વિશ્વસ્થ સમિતિ' માં થયું. જેમાં દેશની દીન-દુ: ખી મહિલાઓ અને તેમના બાળકોના આરોગ્યની કાળજી લેવામાં આવે છે, એટલું જ નહીં, પરંતુ તેમને સ્વાવલંબી બનાવવા માટે 'ઈશ્વરમ્મા સ્વસહાય યોજના' નું નિર્માણ કરવામાં આવ્યું છે. તેનાથી અનેક માતાઓના દુ:ખનું નિવારણ થયું છે.

સ્વામીએ એક વ્યક્તિનું માનસિક દુ:ખ કેવી રીતે દૂર કર્યું તેની આ એક વાર્તા. ૩૧ માર્ચ ૧૯૭૩ ના રોજ સ્વામીએ રાજકોટની કૉલેજને ભેટ (મુલાકાત) આપી. પછી ત્યાંથી નીકળીને તે જામનગરના રાજમહેલ તરફ નીકળ્યા. તેમની પાછળ ભક્તોની ઘણી ગાડીઓ હતી. તેમાંની જ એક ગાડીમાં રાજમાતા હતા.

જ્યારે સ્વામીની ગાડી રાજમહેલના પ્રવેશદ્વાર પાસે જઈને ઊભી રહી અને સ્વામી તેમાંથી ઊતરીને આગળ ગયા ત્યારે એક બનાવ બન્યો. ત્યાંનો અરબ ચોકીદાર જેનું નામ 'શેખ' હતું તે આગળ આવ્યો અને બોલ્યો, ''બાબાજી, જૂતે નિકાલીએ.'' તેની તરફ જોઈને મંદસ્મિત કરીને સ્વામીએ પગરખાં

કાઢયાં અને સ્વાગત સમિતિના સદસ્યોની સાથે કડકડતા તડકામાં ત્યાંના ગૃહરક્ષકોની માન વંદના સ્વીકારવા માટે નીકળી ગયા. પેલા શેખે સ્વામીને કેમ પગરખાં કાઢવાનું કહ્યું હશે?

જ્યારે રાજમાતા ગાડીમાંથી ઊતર્યા, ત્યારે તેમને આ વાતની ખબર પડતા જ તે સ્વામીના પગરખાં લઈને તેમની પાછળ ગયા. પરંતુ, ત્યાં સુધી સ્વામી આગળ નીકળી ગયા હતા અને તેમણે આટલા કડકડતા તાપમાં, ગરમ થયેલી રેતી પર ચાલીને બધાની માનવંદના સ્વીકારી હતી. ખરેખર, સ્વામી હંમેશાં પગરખાં પહેરતા નથી, પરંતુ તેમના ચરણકમળ તડકાથી ન દઝાય એટલા માટે કોઈએ તેમને જાણી જોઈને પગરખાં વાપરવાનું કહ્યું હતું. સ્વામી ત્યાર બાદ જ્યારે રાજમહેલ તરફ પાછા ફર્યા ત્યારે રાજમાતાને અત્યંત ક્રોધથી શેખ સાથે બોલતા તેમણે જોયા. દુ:ખની ભાવનાથી તે શેખે ગરદન નીચે ઝૂકાવી હતી અને તેની આંખો પણ આંસુઓથી ભરાઈ ગઈ હતી. સ્વામીને જોતા જ તે ક્ષમાયાચના કરવા માટે આગળ આવ્યો, ત્યારે સ્વામીએ રાજમાતાને કહ્યું - "રાજમાતા, આમાં તેની કાંઈ જ ભૂલ નથી. તમે જ તેને આજે બધાંને પગરખાં બહાર કાઢીને પછી જ અંદર પ્રવેશ આપવાનું કહ્યું હતું ને? ત્યારે મને આમાંથી બાદ રાખવો એવું ક્યાં કહ્યું હતું? હું તેની પ્રામાણિકતા અને કર્તવ્યનિષ્ઠતાને દાદ આપું છું.' એવું કહીને સ્વામીએ પ્રેમથી તે શેખની પીઠ થાબડી. પછી તેમણે એક લીલા- ભૂરા રંગનું આશરે ૧ ઇંચનું તાવીજ ઉદ્ભવ કર્યું. જેની ઉપર કુરાનના પવિત્ર શબ્દ કોતરેલા હતા. તે તાવીજ તેમણે શેખને આપ્યું. ક્ષણ માત્રમાં તેના માનસિક દુઃખનું રૂપાંતર સુખમાં થયું.

આપણા બધાના શારીરિક તેમજ માનસિક દુ:ખ સ્વામીની કૃપાથી દૂર થાય એ જ તેમના ચરણે પ્રાર્થના.

॥ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ॥